## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : હોદ્દેદારો

શ્રી દિલીપ એમ. શાહ
(પ્રમુખ)

શ્રી બકુલ ગાંધી
(ઉપપ્રમુખ)

શ્રી રજનીકાંત ગાંધી
(સહકોષાધ્યક્ષ)

સુશ્રી સેજલ શાહ
(મંત્રી-પ્રબુધ્ધ જીવનના તંત્રી)

સુશ્રી રમા મહેતા
(કોષાધ્યક્ષ)

સુશ્રી વર્ષા શાહ
(સહમંત્રી)

શ્રી પંકજ સંઘવી
(વિશેષ આમંત્રિત)

## કાર્યવાહિક સમિતિ અને આમંત્રિત સભ્યો

શ્રી બિપીન એન. શાહ
સ્વ. શ્રી હસમુખ ડી. શાહ
શ્રી ગિરીશ વકીલ
શ્રી ચંદુલાલ ફેમવાલા
શ્રી શાંતિલાલ ગોસર
શ્રી કિરણ શેઠ
શ્રી દિનેશ શાહ
સુશ્રી ઉષા પી. શાહ

શ્રી બિપીન કે. જૈન
સુશ્રી કલ્પા શાહ
કુમારી મીના શાહ
શ્રી પન્નાલાલ છેડા
ડૉ. સ્નેહલ સંઘવી
સુશ્રી યોગિની શેઠ
સુશ્રી ભારતી બી. શાહ

આપનું અનુદાન કાયદા ૮૦-જીના નિયમ હેઠળ કરમુક્ત રહેશે.
CSRનું ડોનેશન પણ સ્વીકારવામાં આવે છે.

**State Bank of India,**
Opera House Branch (Mumbai)
Bank A/c CA No. 41097399335
IFSC-SBIN0001417

સર્વ શ્રેષ્ઠીઓને વિનંતી છે કે બેંકમાં રકમ જમા કરાવ્યા બાદ દાતાનું નામ, સરનામું, પેન નંબર અને બેંકમાં જમા કરાવ્યાની રસીદ : ૯૧૩૭૭૨૭૧૦૯ પર વ્હોટસ્ અપ કરશો.
આભાર

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

Mob.: 9137727109 email: shrimjys@gmail.com www.smjys.org

## ૯૨મી પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૨૬

આર્થિક સહયોગ :
સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ, મુંબઈ
યુટ્યુબના સૌજન્યદાતા : ઑનવર્ડ ફાઉન્ડેશન, મુંબઈ
ભક્તિ સંગીતના સૌજન્યદાતા : શ્રી અરૂણ ઉમેશચંદ સંઘવી

સહયોગી સંસ્થાઓ :
જૈન સોશિયલ ગ્રુપ : મુંબઈ મેન, જૈન સોશિયલ ગ્રુપ : મુંબઈ ડાઉનટાઉન
જુનિયર જૈન સોશિયલ ગ્રુપ , જૈન સોશિયલ ગ્રુપ : મુંબઈ ડાઉનટાઉન
પ્લૅટિનમ, જૈન સોશિયલ ગ્રુપ : સંગિની બોમ્બે સાઉથ

મીડિયા પાર્ટનર – જન્મભૂમિ

## આત્મચિંતનથી આત્મપરિવર્તન સુધી

વ્યાખ્યાનમાળા ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬
સમય : સવારે ૮.૪૫થી ૧૦.૩૦ કલાકે
સ્થળ : વાલચંદ હીરાચંદ હોલ (૪થે માળે ), ઇંડિયન મર્ચન્ટ ચેમ્બર ( IMC ), ચર્ચગેટ સ્ટેશનની સામે, ચર્ચગેટ, મુંબઈ – ૪૦૦૦૨૦

ભક્તિ સંગીત: મંજીત સિંઘ, શર્મિલાબેન શાહ એંડ ટીમ
**અનુકંપા પ્રોજેક્ટ: વનપથ ટ્રસ્ટ, ધરમપુર**



સૌને પર્યુષણના પાવન દિવસોમાં આવા શુભ કાર્યમાં હૃદયપૂર્વક જોડાવા નમ્ર વિનંતી. આપનું દાન બાળકોના શિક્ષણ તેમજ અંતરિયાળ પ્રદેશના જરુરિયાતમંદ વર્ગના સર્વાંગી વિકાસમાં ખુબ ઉપયોગી થશે. આપનો સહૃદય સહયોગ અનેક વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથરશે.







# વનપથ ટ્રસ્ટ - ધરમપુર




શિક્ષણની સુવિધાનો અભાવ, બીજી બાજુ ભાષાનો અભાવ, 99% વસ્તી અભણ - એટલે મુખ્ય કામ રહ્યું છાત્રવાસી શાળાઓ. પણ ગરીબી, પીવાનું પાણી, ખેતી, પ્રશ્નો જ પ્રશ્નો હતા.

તળાવ, કૂવા અને આડબંધ બાંધ્યાં, ધોવાણ અટકાવવા પથ્થરના પાળા બાંધ્યા, ખેતી કરવા પાંજરાપોળમાંથી પાડા આણ્યા. દોઢ લાખ આંબાની કલમો આપી. પ્રદેશ હરિયાળો બન્યો.

આવક થતી ગઈ. ભૂખમરામાંથી આત્મનિર્ભર, સ્વમાનભર્યું જીવન જીવતા થયા.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## ૯૨મી પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૨૬

**આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ, મુંબઈ**

**યુટ્યુબના સૌજન્યદાતા : ઑનવર્ડ ફાઉન્ડેશન, મુંબઈ**

**સ્થળ : વાલચંદ હીરાચંદ હોલ (૪થે માળે ), ઇંડિયન મર્ચન્ટ ચેમ્બર ( IMC ), ચર્ચગેટ સ્ટેશનની સામે, ચર્ચગેટ, મુંબઈ — ૪૦૦૦૨૦**

**સમય : સવારે ૮.૪૫ થી ૧૦.30 કલાકે**

**ભક્તિ સંગીત: મંજીત સિંઘ, શર્મિલાબેન શાહ એંડ ટીમ**



વક્તા : આત્માર્પિત મૌલિકજી
વિષય : વિચારથી નિર્વિચાર

મંગળવાર
૦૮-૯-૨૦૨૬



વક્તા : પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યાજી
વિષય : જીવન : આનંદનો આવિષ્કાર

બુધવાર
૦૯-૯-૨૦૨૬



વક્તા : બ્રહ્મકુમારી વીનાદીદીજી
વિષય : કર્મયોગી જીવનશૈલી

ગુરૂવાર
૧૦-૯-૨૦૨૬



વક્તા : ડૉ. સુભાષ વિલાસ
વિષય : જીવો, આગળ વધો અને પ્રેમ કરો

શુક્રવાર
૧૧-૯-૨૦૨૬



વક્તા : ડૉ. રમજાન હસણિયા
વિષય : એકવીસમી સદી અને જૈન ધર્મના પાંચ મહાવ્રતો

શનિવાર
૧૨-૯-૨૦૨૬



વક્તા : સ્વપ્નીલ કોઠારી
વિષય : जैन धर्म का प्रभाव : भ्रांतियां दूर क्रांतियाँ शुरू

રવિવાર
૧૩-૯-૨૦૨૬



વક્તા : સુરેશ ગાલા
વિષય : આત્મ પરિવર્તનની સીડી- ધ્યાનસાધના

સોમવાર
૧૪-૯-૨૦૨૬



વક્તા : જોની શાહ
વિષય : ભાવે ભાવના ભાવતા ભૂલીએ જગ જંજાળ

મંગળવાર
૧૫-૯-૨૦૨૬



વિજ્ઞાન સહેલું રમતા રમતા અને દેશના ભાવિ નાગરિકોનું ઘડતર

## શિક્ષણથી શરૂઆત, સેવાનો વિસ્તાર :-

શિક્ષણથી શરૂઆત કરી સમગ્ર સેવા સુધી પહોંચ્યા. ૧૦–૧૫ ગામો વચ્ચે એક છાત્રશાળાથી શરૂ થયેલું કાર્ય આજે ૪ પ્રાથમિક શાળા, ૨ માધ્યમિક શાળા અને ૧૧-૧૨નું કન્યા છાત્રાલય સુધી પહોંચ્યું છે. આજે કુલ ૬૭૫ વિદ્યાર્થીઓ, જેમાં ૩૨૦ કન્યા અને ૩૫૫ કુમાર છે, ભણે છે. દરેક શાળા ૨૫ થી ૩૦ કિ.મી.ના અંતરે આવેલી છે અને ભૌગોલિક રચના પડકારજનક હોવાથી સંચાલનનું કામ અઘરું છે.



વૃક્ષ ઉછેર, સાથી હાથ બઢાના

## શિક્ષણ સાથે સંસ્કાર :-

વળી શિક્ષણ એ જ માત્ર લક્ષ્ય નથી. બાળકોનું ચારિત્ર્ય ઘડતર થાય, વતન અને પર્યાવરણને જાળવે-ચાહે અને ઉત્તમ નાગરિક બને એ માટે વર્ષભર જુદી-જુદી પ્રવૃત્તિઓથી શાળાનું આંગણું ગૂંજતું રહે છે. ઉત્સવોની ઉજવણી, સંસ્કાર પ્રવૃત્તિ, ચિત્ર-સંગીત શિબિરો, સ્વયં સંચાલન, બાહ્ય વાંચન, વનભ્રમણ, ગ્રામ સફાઈ, પ્રવાસ-પર્યટન જેવી પ્રવૃત્તિઓ સાથે અમારું એસ.એસ.સી.નું પરિણામ આટલા વર્ષોમાં ૨-૩ વર્ષને બાદ કરતાં ૮૦ થી ૧૦૦% આવ્યું છે. સાયન્સમાં જ્યાં શરૂઆતમાં ૨ વિદ્યાર્થી માંડ તૈયાર થતા, ત્યાં આજે ૫૦થી વધુ વિદ્યાર્થીઓ ૧૧-૧૨ ભણી રહ્યા છે.



નાટક દ્વારા કેળવણી અને શિક્ષણ અને રસોઈકળા

## ઉચ્ચ શિક્ષણ સુધી સાથ :-

શરૂઆતમાં ઉચ્ચ શિક્ષણમાં મોકલતી વેળા ઓનલાઈન ફોર્મ ભરવાથી માંડી ભાવનગર, રાજકોટ, મોરબી, પાટણ કે લોકભારતી સુધી પહોંચાડવા જવાનું. દૂર હૈદરાબાદ કે કર્ણાટક નર્સિંગમાં પહોંચ્યા પછી પણ પ્રશ્નો આવતા, કારણ કે બધો વ્યવહાર અંગ્રેજીમાં ચાલે. ભાવનાબહેન જાતે હૈદરાબાદ ગયા અને બધું ગોઠવ્યું. ત્યાં ૯ બહેનો નર્સિંગની તાલીમ લઈ આવી છે. સુરતની નર્સિંગ કોલેજમાં પણ છેલ્લાં કેટલાક વર્ષથી બહેનોને મોકલીએ છીએ. આમ દર વર્ષે જુદી-જુદી ઉચ્ચ શિક્ષણની શાખામાં અનેક વિદ્યાર્થીઓ ભણે છે અને જરૂરિયાત મુજબ સંસ્થા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે આર્થિક સહાય પણ કરે છે.



રાષ્ટ્રીય તહેવારની ઉજવણી

## પડકારો વચ્ચે સતત સેવા :-

ડુંગરાળ અને દૂરના વિસ્તારોમાં ગામડે ગામડે પહોંચવું અને બાળકોને શિક્ષણ માટે તૈયાર કરવું મોટો પડકાર છે. શરૂઆતમાં બાળકો કોંકણી બોલે છે, તેથી તેમને ગુજરાતી અને પછી અંગ્રેજી-ગણિત માટે તૈયાર કરવામાં આવે છે. ૧૦મા ધોરણમાં સારા પરિણામ માટે મહેશ્વરી ટ્રસ્ટ દ્વારા બે મહિના સુરત લઈ જઈ ભણાવવામાં આવે છે. આ વર્ષે ૧૦૦% પરિણામ આવ્યું છે. ભાવનાબહેને વિદ્યાર્થીઓના પ્રવેશથી લઈને તેમની મુશ્કેલીઓ સુધીની જવાબદારી સંભાળી આ કાર્યને સતત આગળ વધાર્યું છે.